## ૭.૧૦ તપધર્મના વિવિધ પ્રકારો અને ક્યો તપ કરવો

આ તપ કારતક સુદ બીજથી શરૂ કરાય છે તે દિવસે ઉપવાસ કરવો. આ તપ બે વર્ષ અને બે માસ સુધી કરવો. ગણણું વગેરે નીચે મુજબ.

| | સા. | ખ. | લો. | નવ. | |
|---|---|---|---|---|---|
| ૧. નંદિસૂત્રાય નમઃ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ | |
| ૨. અનુયોગદ્વારસૂત્રાય નમઃ | ૬૨ | ૬૨ | ૬૨ | ૨૦ | અથવા |
| ૧. ઓઘનિર્યુક્તિ સૂત્રાય નમઃ | ૧૪ | ૧૪ | ૧૪ | ૨૦ | |
| ૨. અનુયોગદ્વાર સૂત્રાય નમઃ | ૬૨ | ૬૨ | ૬૨ | ૨૦ | |

તપના દિવસે ઉપર પ્રમાણે ગમે તે બે ગણણાં વીશ વીશ નવકારવાલીનાં ગણવા. સાથીઆ વિગેરે પણ બે બે સૂત્રનાં કરવાં.

શ્રી જ્ઞાનપંચમી તપનો વિધિ

આ તપ કાર્િતક સુદી-૫ (જ્ઞાન પંચમી)ના દિવસથી શરૂ કરવો. તે દિને ઉપવાસ કરવો. જ્ઞાન સમક્ષ કોરાં કાગળ, પેન્સિલ, ફળ, નૈવેદ્ય વગેરે મૂકવું. સાથીઆ, ખમાસમણ, કાઉસ્સગ્ગ વિગેરે કરવાં. ૐ હ્રીં નમો નાણસ્સ એ પદની વીશ નવકારવાલી ગણવી. પાંચ દિવેટનો દીપક કરવો. આ તપ પાંચ વર્ષ અને પાંચ માસ સુધી દરેક સુદ પંચમીએ ઉપવાસથી આરાધવો. દરેક સુદ પંચમીએ પાંચ અગર એકાવન સાથિયા, ખમા૦ વગેરે ઉપર લખ્યા મુજબ કરવું. શક્તિના અભાવે આ તપ ન જ થાય તો કાયમ માટે કાર્િતક સુદ-૫નો ઉપવાસ તો છોડવો જ નહીં અને તે દિવસે પૌષધ કરવા પણ ખ્યાલ રાખવો.

જ્ઞાનનો દુહો

અધ્યાત્મ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ, સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ (૧)

શ્રી અષ્ટમી તપનો વિધિ ઃ આ તપ દર માસની શુકલ અષ્ટમીએ ઉપવાસ કરવાથી થાય છે. ૐ હ્રીં નમો સિદ્ધાણં એ પદની ૨૦ નવકારવાલી ૮, કે ૩૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, અને તેટલા જ ખમાસમણ, સાથિયા વગેરે કરવું. આ તપ આઠ વર્ષ અને આઠ માસ સુધી કરવાનો છે, બીજી રીતે ૧૩ એકાસણાં, ૨૪ નીવી અને ૧૫ આયંબિલ એકીસાથે કરવાથી પણ આ તપ પૂર્ણ થાય છે. બાકીનો વિધિ ઉપર પ્રમાણે સમજવો.

શ્રી પોષ દશમ તપ વિધિ ઃ આ તપ પોષ દશમી એટલે કે માગશર વદ-૧૦ (ગુજરાતી)ના દિવસે શરૂ થાય છે. દર વર્ષે વદી ૯-૧૦-૧૧ એમ ત્રણ દિવસ લાગટ કરવાનો છે. તેમાં ૯માં દિને સાકરના પાણીનું એકાસણું, ૧૦ના દિને ભર્યા ભાણે એકાસણું, તથા ૧૧માં દિને ખીરનું એકાસણું કરી ત્રણે દિવસ ઠામ ચઉવિહાર કરવો. ૧૦ના દિવસે શ્રી પાર્શ્વનાથપ્રભુનું જન્મ કલ્યાણક હોવાથી જિનાલયમાં અષ્ટપ્રકારી અથવા સત્તરભેદી પૂજા ભણાવવી.

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથાય અર્હતે નામની ૨૦ નવકારવાલી ગણવી. સાથિયા, ખમાસમણ વગેરે બાર બાર કરવા, આ તપ દશ વર્ષ દશ માસ સુધી દર માસની વદી-૧૦ના દિને એકાસણું કરવાથી પૂર્ણ થાય છે.

શ્રી મૌન એકાદશી તપ વિધિ ઃ

આ તપ માગશર સુદ-૧૧ (મૌન એકાદશી)ના દિવસથી શરૂ કરવો. તે દિવસે ઉપવાસ કરવો. (વ્યવહાર કાર્યોમાં) મૌનપણે રહેવું. શ્રી મહાયશસર્વજ્ઞાય નમઃની ૨૦ નવકારવાલી ગણવી. આ તપ ૧૧ વર્ષ અને ૧૧ માસ સુધી સુદ-૧૧નો ઉપવાસ કરી આરાધવો. સાથીયા, ખમા૦ વગેરે અગીયાર કરવા. આ ન બને તો છેવટે મૌન એકાદશીનો દર વર્ષે ઉપવાસ તથા પૌષધ કરવા ચૂકવું નહિ. તે દિને દોઢસો કલ્યાણકનું ગણણું ગણવું.

શ્રી રોહિણી તપ વિધિ ઃ આ તપ અક્ષયતૃતીયા (વૈ. સુદ-૩)ના દિને અથવા આગળ પાછળ જયારે રોહિણી નક્ષત્ર હોય ત્યારે શરૂ કરવો. તે તપ શ્રી વાસુપૂજયસ્વામીની પૂજા કરવા પૂર્વક સાત વર્ષ અને સાત મહિના સુધી કરવો. એટલે દર માસે જે દિવસે રોહિણી નક્ષત્ર આવતું હોય તે દિને ઉપવાસ, આયંબિલ કે

નિવિ વગેરેથી તપ કરવો. જો એક પણ રોહિણી નક્ષત્ર ભૂલી જવાય તો ફરીથી શરૂ કરવો. 'શ્રી વાસુપૂજય સર્વજ્ઞાય નમઃ' એ પદની ૨૦ નવકારવાલી ગણવી. સા.ખ.કા. વિગેેરે બાર બાર કરવા.

શ્રી સિદ્ધિ તપ વિધિ ઃ

આ તપમાં પ્રથમ એક ઉપવાસ, પારણે બેસણું કરવું, પછી બે ઉપવાસ અને પારણે બેસણું, એ પ્રમાણે આઠ ઉપવાસ સુધી કરવું. તેનું ગણણું આ પ્રમાણે ઃ ૧. અનંતજ્ઞાનસંયુક્તાય શ્રી સિદ્ધાય નમઃ, ૨. અનંતદર્શનસંયુક્તાય શ્રી સિદ્ધાય નમઃ, ૩. અવ્યાબાધાગુણસંયુક્તાય શ્રી સિદ્ધાય નમઃ, ૪. અનંતચારિત્રયસંયુક્તાય શ્રી સિદ્ધાય નમઃ, ૫. અક્ષયસ્થિતિસંયુક્તાય શ્રી સિદ્ધાય નમઃ, ૬. અરુપિનિરંજનસંયુક્તાય શ્રી સિદ્ધાય નમઃ, ૭. અગુરુલઘુગુણસંયુક્તાય શ્રી સિદ્ધાય નમઃ, ૮. અનંતવીર્યગુણસંયુક્તાય શ્રી સિદ્ધાય નમઃ

એક ઓળીએ તે તે પદની વીશ નવકારવાલી રોજ ગણવી અને સા.ખમા.કા.ફળ વિગેરે આઠ આઠ કરવા.

શ્રી સિદ્ધાચલજીના બે અઠ્ઠમ તથા છઠ્ઠનો વિધિ

પ્રથમ અઠ્ઠમનું ગણણું શ્રી પુંડરીકગણધરાય નમઃ

બીજા અઠ્ઠમનું ગણણું શ્રી કદંબગણધરાય નમઃ

૧. છઠ્ઠનું ગણણું શ્રી ઋષભદેવ સર્વજ્ઞાય નમઃ

૨. છઠ્ઠનું ગણણું શ્રી વિમલગણધરાય નમઃ

૩. છઠ્ઠનું ગણણું શ્રી સિદ્ધક્ષેત્રગણધરાય નમઃ

૪. છઠ્ઠનું ગણણું શ્રી હરિગણધરાય નમઃ

૫. છઠ્ઠનું ગણણું શ્રી વજ્રવલ્લીનાથાય નમઃ

૬. છઠ્ઠનું ગણણું  શ્રી સહસ્ત્રાદિ ગણધરાય નમઃ

૭. છઠ્ઠનું ગણણું શ્રી સહસ્ત્રકમલાય નમઃ

દરેક પદની ૨૦ નવકારવાલી, ૨૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૨૧ ખમાસમણા, ૨૧ સાથીયા, ૨૧. ફળ.

આયંબિલ વર્ધમાન તપ વિધિ

આયંબિલ વડે વૃદ્ધિ પામતો જે તપ તે આયંબિલ વર્ધમાન તપ કહેવાય છે. તેમાં ઉપવાસના આંતરાવાળા આયંબિલ એકથી આરંભીને સો સુધી ચઢતાં ચઢતાં કરવા. એટલે કે પહેલું એક આયંબિલ પછી ઉપવાસ. પછી બે આયંબિલ ઉપર ઉપવાસ, પછી ત્રણ આયંબિલ ઉપર ઉપવાસ, પછી ચાર આયંબિલ ઉપર ઉપવાસ, પછી પાંચ આયંબિલ ઉપર ઉપવાસ. આ પાંચ ઓળી લાગટ કરવી. પછી છ આયંબિલ ઉપર ઉપવાસ એમ ચઢતાં ચઢતાં છેવટે ૧૦૦ આયંબિલ ઉપર ઉપવાસ કરવો. ત્યારે સો ઓળી પૂરી થાય. એ પ્રમાણે કરતાં ૫૦૫૦ આયંબિલ અને ૧૦૦ ઉપવાસ થાય. એટલે ૧૪ વર્ષ ૩ માસ અને ૨૦ દિવસે આ તપ સંપૂર્ણ થાય.

ૐ હ્રીં નમો અરિહંતાણં એ પદથી કરનારાએ સા.ખ.કા. બાર કરવા. ૐ હ્રીં નમો સિદ્ધાણં એ પદથી કરનારાએ આઠ આઠ અને ૐ હ્રીં નમો તવસ્સ પદથી કરનારાએ બાર બાર સા.ખ. કાઉ આદિ કરવા. જે પદથી ઓળી આરાધવી હોય તે પદની ૨૦ નવકારવાલી ગણવી. તથા તે દુહા બોલી ખમા૦ દેવા.

શ્રી અરિહંત પદનો દુહો

પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન, ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ. (૧)

શ્રી સિદ્ધપદનો દુહો

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ, અષ્ટ કર્મમળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. (૨)

શ્રી તપપદનો દુહો

કર્મ ખપાવે ચીકણાં, ભાવ તપ મંગળ જાણ, પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ (૩)

વીશસ્થાનક તપનો વિધિ

શુભ મુહૂર્તે ગુરુ સમીપે આ તપ વિધિપૂર્વક શરૂ કરવો. એક ઓળી બે માસથી છ માસ સુધીમાં પૂર્ણ કરવી. કદાચ છ માસની અંદર એક ઓળી પૂર્ણ ન થાય તો ચાલતી ઓળીનો ફરીથી આરંભ કરવો પડે. એક ઓળીમાં વીશ પદ છે. તેમાં વીશે દિવસોમાં વીશ પદ જુદા જુદા ગણવા. અથવા એક ઓળીના તપના વીશ દિવસોમાં એક જ પદ ગણવું. બીજા વીશ દિવસોમાં બીજું પદ ગણવું. એ રીતે વીશ ઓળીએ (૪૦૦ દિવસે) વીશ પદ પૂર્ણ કરવા. દરેક પદની ઉત્કૃષ્ટથી અઠ્ઠમ, મધ્યમથી છઠ્ઠ કે ઉપવાસ અને અલ્પ શક્તિવાલાએ જઘન્યથી આયંબિલ, નીવી અગર એકાસણું કરીને પણ આરાધના કરવા ભાગ્યશાલી બનવું જોઈએ. ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. સ્થવિર, ૪. સાધુ, ૫. ચારિત્ર, ૬. ગૌતમ, ૭. તીર્થ એ સાત પદોમાં બની શકે તો જરૂર પૌષધ કરવો. શક્તિવાલાએ શ્રી ગૌતમપદ છઠ્ઠથી આરધવું જોઈએ.

વીશ પદનું ગણણું આદિ નીચે પ્રમાણે

પદોના નામ સા. ખ. કા. નવ.

૧. ૐ હ્રીં નમો અરિહંતાણં ૧૨ ૧૨ ૧૨ ૨૦

૨. ૐ હ્રીં નમો સિદ્ધાણં ૩૧ ૩૧ ૩૧ ૨૦

૩. ૐ હ્રીં નમો પવયણસ્સ ૨૭ ૨૭ ૨૭ ૨૦

પદોના નામ સા. ખ. કા. નવ.

૪. ૐ હ્રીં નમો આયરિયાણં ૩૬ ૩૬ ૩૬ ૨૦

૫. ૐ હ્રીં નમો થેરાણં ૧૦ ૧૦ ૧૦ ૨૦

૬. ૐ હ્રીં નમો ઉવજઝાયાણં ૨૫ ૨૫ ૨૫ ૨૦

૭. ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં ૨૭ ૨૭ ૨૭ ૨૦

૮. ૐ હ્રીં નમો નાણસ્સ ૫૧ ૫૧ ૫૧ ૨૦

૯. ૐ હ્રીં નમો દંસણસ્સ ૬૭ ૬૭ ૬૭ ૨૦

૧૦. ૐ હ્રીં નમો વિણયસંપન્નસ્સ ૫૨ ૫૨ ૫૨ ૨૦

૧૧. ૐ હ્રીં નમો ચારિત્તસ્સ ૭૦ ૭૦ ૭૦ ૨૦

૧૨. ૐ હ્રીં નમો બંભવયધારિણં ૧૮ ૧૮ ૧૮ ૨૦

૧૩. ૐ હ્રીં નમો કિરિયાણં ૨૫ ૨૫ ૨૫ ૨૦

૧૪. ૐ હ્રીં નમો તવસ્સ ૧૨ ૧૨ ૧૨ ૨૦

૧૫. ૐ હ્રીં નમો ગોયમસ્સ ૧૧ ૧૧ ૧૧ ૨૦

૧૬. ૐ હ્રીં નમો જિણાણં ૨૦ ૨૦ ૨૦ ૨૦

૧૭. ૐ હ્રીં નમો સંજમસ્સ ૧૭ ૧૭ ૧૭ ૨૦

૧૮. ૐ હ્રીં નમો અભિનવનાણસ્સ ૫૧ ૫૧ ૫૧ ૨૦

૧૯. ૐ હ્રીં નમો સુયસ્સ ૨૦ ૨૦ ૨૦ ૨૦

૨૦. ૐ હ્રીં નમો તિત્થસ્સ ૩૮ ૩૮ ૩૮ ૨૦

દરેક ઓળીએ નીચેનો ૧ દુહો બોલી ખમા૦ દેવા

પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન, ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ (૧)

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ, અષ્ટકર્મ મળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ. (૨)

ભાવામય ઔષધી સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ, ત્રિભુવન જીવને સુખકરી, જય જય પ્રવચન દૃષ્ટિ. (૩)

છત્રીસ છત્રીસી ગુણે, યુગપ્રધાન મુણીંદ, જૈનમત પરમત જાણતા, નમો નમો તે સૂરીંદ. (૪)

તજી પરપરિણતિ રમણતા, લહે નિજ ભાવ સ્વરૂપ, સ્થિર કરતા ભવિ લોકને, જય જય થવિર અનુપ. (૫)

બોધ સૂક્ષ્મ વિણ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત, ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠકગીત. (૬)

સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ, સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ. (૭)

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવ ભ્રમ ભીતિ, સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. (૮)

લોકાલોકના ભાવ જે. કેવલી ભાષિત જેહ, સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ. (૯)

શૌચ મૂળથી મહાગુણી, સર્વ ધર્મનો સાર, ગુણ અનંતનો કંદ એ, નમો વિનય આચાર. (૧૦)

રત્નત્રયી વિણ સાધના, નિષ્ફળ કહી સદૈવ, ભાવ રયણનું નિધાન છે, જય જય સંયમ જીવ. (૧૧)

જિન પ્રતિમા જિનમંદિરા, કંચનનાં કરે જેહ, બ્રહ્મવ્રતથી બહુ ફળ લહે, નમો નમો શિયળ સુદેહ. (૧૨)

આત્મબોધ વિણ જે ક્રિયા, તે તો બાળક ચાલ, તત્ત્વાર્થથી ધારીએ, નમો ક્રિયા સુવિશાલ. (૧૩)

કર્મ ખપાવે ચીકણાં, ભાવ મંગળ તપ જાણ, પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ. (૧૪)

છઠ્ઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉ નાણી ગુણ ધામ, એ સભ શુભ પાત્ર કો નહિ, નમો નમો ગોયમસ્વામ. (૧૫)

દોષ અઢારે ક્ષય થયા, ઉપન્યા ગુણ જસ અંગ, વૈયાવચ્ચ કરીએ મુદા, નમો નમો જિનપદ સંગ. (૧૬)

શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઈન્દ્રિય આશંસ, થિર સમાધિ સંતોષમેં, જય જય સંયમ વંશ. (૧૭)

જ્ઞાનવૃક્ષ સેવો ભવિક, ચારિત્ર સમકિત મુળ, અજર અમર પદ ફળ લહો, જિનવર પદવી ફૂલ (૧૮)

વકતા શ્રોતા, યોગથી, શ્રુત અનુભવ રસ પીત, ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખલીન. (૧૯)

તીર્થયાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ, પરમાનંદ વિલાસતા, જય જય તીર્થ જહાજ. (૨૦)

તીર્થંકર વર્ધમાન તપ (શ્રી શ્રમણસંઘ તપ)

જે વૃદ્ધિ પામે તે વર્ધમાન કહેવાય. આ તપમાં પ્રથમ શ્રી ઋષભદેવજીને આશ્રયી એક એકાસણું કરવું. શ્રી અજિતનાથજીને આશ્રયી બે એકાસણાં કરવાં. એ રીતે વધતાં શ્રી મહાવીરસ્વામીને આશ્રયી ૨૪ એકાસણાં કરવાં. ત્યાર પછી પશ્ચાનુપૂર્વીવડે શ્રી મહાવીરસ્વામીને આશ્રયી એક એકાસણું, શ્રી પાર્શ્વનાથને આશ્રયી બે એકાસણાં, એ રીતે વધતા શ્રી ઋષભદેવજીને આશ્રયી ૨૪ એકાસણાં કરવાં. દરેક જિનને આશ્રયીને ૨૫ એકાસણાં થાય છે. અથવા એકી સાથે દરેક જિનને આશ્રયીને ૨૫ એકાસણાં કરવા. આ બંને રીતે કરતાં કુલ છસો એકાસણે આ તપ પૂર્ણ થાય છે. જે તીર્થંકરનો તપ ચાલતો હોય તે તીર્થંકરના નામનું ગણણું ૨૦ નવકારવાળીથી ગણવું. સાથીઆ, ખમા. અને કાઉસ્સગ્ગ બાર બાર કરવા.

શ્રી અક્ષયનિધિ તપ વિધિ

આ તપ શ્રાવણ વદ-૪ને દિવસે શરૂ કરી ૧૬ દિવસે પૂરો કરવો. તેમાં સુવર્ણનો રત્નજડિત કુંભ કરાવવો. અથવા બીજી કોઈ રૂપા વગેરે ધાતુનો અથવા છેવટે શક્તિ ન હોય તો માટીનો કુંભ કરાવવો. પછી તે કુંભ ઘરમાં દેરાસરમાં અથવા ઉપાશ્રયે પવિત્ર સ્થાને ડાંગરની ઢગલી કરી તે ઉપર પધરાવવો. બનતા સુધી કુંભ પાસે અખંડ  દીવો ફાનસમાં યત્નપૂર્વક ૧૬ દિવસ સુધી રાખવો. તેની સમીપે સ્વસ્તિક કરી તે ઉપર શ્રી કલ્પસૂત્ર પધરાવવું. એકાસણાનો તપ ૧૫ દિવસ પર્યંત કરવો. છેલ્લે છેલ્લે એટલે કે ભા. સુદી ચોથે (સંવચ્છરીએ) ઉપવાસ કરવો. આ પ્રમાણે ચાર વર્ષ પર્યંત કરવાથી ૬૪ દિવસે આ તપ પૂર્ણ થાય છે. પુસ્તક ઉપર ચંદરવો બાંધવો. જ્ઞાનને ધૂપ દીપ કરી હંમેશા રૂપાનાણે પૂજવું. શક્તિ ન હોય તો પહેલે અને છેલ્લે દિવસે રૂપાનાણે પૂજવું, અને વચલા દિવસોમાં યથાશક્તિ દ્રવ્ય વડે પૂજવું. 'નમો નાણસ્સ' એ પદની ૨૦ નવકારવાળી દરરોજ ગણવી. ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. નીચે બતાવેલા વિધિ મુજબ દરરોજ વિધિ કરવો.

કુંભની ઉપર શ્રીફળ મૂકી લીલા કે પીળા રેશમી વસ્ત્ર વડે બાંધી રાખવો. દરરોજ તેની અંદર વિધિને અંતે એકેક પસલી અક્ષાતની નાખવી. ૧૬ દિવસે કુંભ ભરાઈ જાય તેમ કરવું. છેલ્લે દિવસે કુંભની પાસે રાત્રિ જાગરણ કરવું. પૂજા પ્રભાવના કરવી. અક્ષયનિધિ તપનું સ્તવન દરરોજ ગાવું, સાંભળવું, પારણાને દિવસે (ભાદરવા સુદ-૫મે) કુંભને ફૂલની માળા પહેરાવી, સૌભાગ્યવંતી સ્ત્રીને માથે મૂકવો. સર્વ પકવાન સુખડી વિગેરે યથાશક્તિ કરાવી, તેનાં થાળ પણ સૌભાગ્યવંતી સ્ત્રીઓને માથે મૂકવા. હાથી, ઘોડા, વાજીંત્રો વિગેરેથી મોટી ધામધૂમ સાથે વરઘોડો ચઢાવી કુંભ લઈને દેરાસરે આવવું. કુંભવાળી સ્ત્રીઓએ ત્રણ પ્રદક્ષિણા કરી પ્રભુ પાસે કુંભ મૂકવો. નૈવેદ્યના થાળ પણ પ્રભુ પાસે ધરવા, જ્ઞાનના પુસ્તકને ગુરુ મહારાજ પાસે લઈ જઈ ત્યાં પધરાવી ગુરુપૂજા તા જ્ઞાનપૂજા રૂપાનાણાથી કરવી. તે દિવસે યથાશક્તિ સાર્ધિમક વાત્સલ્ય, પ્રભાવના વિગેરે કરવું. જેટલા સ્ત્રી કે પુરુષ આ તપ કરતા હોય તે દરેકને માટે કુંભ જુદા જુદા પધરાવવા. કલ્પસૂત્ર એક જ પધરાવવું. આ તપ શ્રાવકે તથા શ્રાવિકોએ કરવાનો છે. આ ભવમાં અને પરભવમાંં મહાન લાભ આપનાર આ તપ છે, સાથિયા વગેરે (૫૧) એકાવન અથવા (૨૦) વીસ કરવા.

કલ્યાણક આરાધન વિધિ

એક દિવસે એક કલ્યાણકે એકાસણું, બે કલ્યાણકે આયંબિલ, ત્રણ કલ્યાણકે આયંબિલ અને એકાસણું, ચાર કલ્યાણકે ઉપવાસ અને પાંચ કલ્યાણકે ઉપવાસ તપા એકાસણું કરવું. જાપ ઃ (૧) ચ્વછન કલ્યાણકે ૐ હ્રીં શ્રી પરમેષ્ઠિને નમઃ, (૨) જન્મ કલ્યાણકે ૐ હ્રીં શ્રી અર્હતે નમઃ, (૩) દીક્ષા કલ્યાણકે ૐ હ્રીં નાથાય નમઃ,

(૪) કેવલજ્ઞાન કલ્યાણકે ૐ હ્રીં શ્રી સર્વજ્ઞાય નમઃ, (૫) મોક્ષ કલ્યાણકે ૐ હ્રીં શ્રી પારંગતાય નમઃ. જે દિવસે જે કલ્યાણક હોય તે કલ્યાણકના પદની વીશ નવકારવાળી ગણવી. કાઉસ્સગ્ગ વગેરે બાર બાર કરવા. ખમાસમણનો દુહો આ પ્રમાણે ઃ

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન, ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ. (૧)

## દીવાળી પર્વનું ગણણું

રાત્રે લગભગ આઠ વાગે શ્રી મહાવીર સ્વામિ સર્વજ્ઞાય નમઃ પદની ૨૦ નવકારવાળી ગણવી. રાત્રિના ત્રીજા પહોરે શ્રી મહાવીરસ્વામિ પારંગતાય નમઃ પદની ૨૦ નવકારવાળી ગણવી અને દેવ વાંદવા. પ્રભાતે શ્રી ગૌતમસ્વામિ સર્વજ્ઞાય નમઃ પદની ૨૦ નવકારવાળી ગણવી અને દેવ વાંદવા.

## ચંદનબાલા અઠ્ઠમતપ વિધિ

આ તપમાં એક અઠ્ઠમ કરી ચોથે દિવસે પારણે રૂપાની સુપડીથી મુનિરાજને અડદના બાકળાનું દાન દઈ પોતે પણ તેનું પારણું કરવું. પચ્ચક્ખાણ ઠામ ચઉવિહાર આયંબિલનું કરવું. વહોરાવનારે ચંદનબાળાની જેમ સુતરની આંટી હાથ-પગમાં નાખી એક પગ ઉંબરાની બહાર અને એક પગ અંદર રાખી મુનિને વહોરાવે અને ગુરુપૂજન કરે શ્રી મહાવીરસ્વામિનાથાય નમઃ એ પદની ૨૦ માળા ગણવી સા.ખ.કા. બાર બાર કરવા.

## શ્રી ક્ષીરસમુદ્ર તપ વિધિ

આ તપમાં સાત ઉપવાસ નિરંતર કરી પારણે થાળીમાં ખીર કાઢી તેમાં વહાણ ચલાવવું. પછી ગુરુને ખીર વહોરાવી માત્ર ખીર વડે ઠામ ચોવિહાર એકાસણું કરવું. ઉદ્યાપને ખીર, ખાંડ અને ધૃતથી ભરેલો થાળ દેવ પાસે મૂકવો. ગુરુને દાન દેવું. યથાશક્તિ સંઘ વાત્સલ્ય, જ્ઞાનપૂજા કરવી. સા.ખ.કા.-૭-૭ કરવા. ક્ષીરવરસમસમ્યગ્દર્શનધરાયનમઃ એ પદની ૨૦ માળા ગણવી.

## વર્ષીતપ વિધિ

ફા.વ. આઠમના ઉપવાસથી શરૂ કરવો. પ્રારંભમાં છઠ્ઠ કે અઠ્ઠમ કરવો હોય તો આઠમના છેલ્લો ઉપવાસ આવે તે પ્રમાણે કરવો. આ તપમાં એકાંતરે ઉપવાસ અને પારણે ઓછામાં ઓછું બિઆસણું કરવું. વચ્ચે આવતા અક્ષયતૃતિયાના દિવસે (શક્તિ હોય તો) ઉપવાસ કરવો. સંવત્સરી, મૌન એકાદશી, જ્ઞાનપંચમી અને દર ચૌદસે ઉપવાસ અને ચોમાસીમાં છઠ્ઠ કરવો. બીજા વર્ષે અક્ષયતૃતિયા (વૈ.સુ.૩)ના

દિવસે શેરડીના રસથી પારણું કરવું. બે પ્રહર (છ કલાક) પછીનો શેરડીનો રસ અભક્ષ્ય છે. અથવા સાકરના પાણીથી પારણું કરી શકાય.

વિધિ ઃ સા.ખ.કા. ૧૨-૧૨ કરવા તથા શ્રી ઋષભદેવનાથાય નમઃ એ પદની ૨૦ માળા ગણવી.

ખમાસણાનો દુહો

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન, ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રીજિનભાણ. (૧)

તા.ક. દરેક તપની પૂર્ણાહુતિ નિમિત્તે પોતપોતાની શક્તિ મુજબ ઉજમણું, પૂજા, સાર્ધિમક વાત્સલ્ય, વિવિધ જ્ઞાન, દર્શન, ચારિત્રનાં ઉપકરણો આદિની પ્રભાવનાઓ વગેરે શુભ કાર્યો કરી તપ ઉજવવા ભાગ્યશાળી બનવું જોઈએ.

દરેક તપ વિધિપૂર્વક કરવાથી તેનું સંપૂર્ણ ફળ મળી શકે છે, છતાં પ્રતિક્રમણની ક્રિયા ન આવડતી હોય તેણે છેવટ સામાયિક પણ કરી તપની આરાધના કરવી જોઈએ. જેને સામાયિક પણ ન આવડતું હોય તેણે ત્રણ નવકાર ગણી બરોબર ૪૮ મિનિટની ધારણા કરી બેસવું, અને ત્રણ નવકાર ગણી ઉઠવું. સુગુરુઓનો સમાગમ મેળવી ર્ધાિમક અભ્યાસ કરવા જરૂર ઉદ્યમ રાખવો જોઈએ કે જેથી આત્મિક ભાવના સુધરવા સાથે ક્રિયાકાંડમાં અપૂર્વ ઉલ્લાસ આવે.